GJVD060013852026

**<u>વાઘોડીયાના મે.એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મુ.વાઘોડીયા.</u>**

**ક્રિમીનલ કેસ નં.૧૧૪૯/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી**– શ્રી સરકાર.

**વિરુધ્ધ.**

**આરોપી**– ધર્મેશકુમાર વજેસિંહ વણઝારા

**ગુનો– બી.એન.એસ. કલમ–૨૨૩ મુજબ.**

**–ઠરાવ–**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. કલમ–૨૨૩ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કર્યાની ફરીયાદ અન્વયે ગુનો નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આ ગુનાના કામે આરોપી આજરોજ હાજર થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ પોતાને ગુનો કબુલ હોવાનું જણાવી કબુલાત પુરસીસ રજુ કરી સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા તે અંગેની ખાત્રી કરી કબુલાત સ્વીકાર કરાયેલ છે અને આરોપીએ પોતાનો આ પ્રથમ ગુનો હોય, પોતે કુટુંબ કબીલાવાળા અને એકમાત્ર કમાનાર વ્યકિત હોય ફક્ત દંડરૂપી સજા કરવા દયાની અરજ કરેલી છે. આ કામના આરોપી આવા ગુનામાં અગાઉ સંડોવાયેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ નથી તેમજ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં નજીવો છે, આરોપીને ગુનાનો પસ્તાવો છે, આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાવે છે. ફરી ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે. જેથી આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદો ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯, નટવર હરચંદ ઠાકોર વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર નાના અને નજીવા ગુનાઓમાં ખાસ સંજોગો ધ્યાને લઈ, કાયદામાં ઠરાવેલ સજા કરતાં લઘુત્તમ સજા કરી શકાય અને આ કેસમાં ધ્યાને લેતાં આરોપી ગરીબ વર્ગના હોય, અભણ હોય, અજ્ઞાન હોય તેમજ આર્થિક નબળા હોવાની રજુઆત હોય, આરોપીનો પ્રથમ ગુનો હોય, ગુનાનો પ્રકાર ધ્યાને લઇ આરોપીને લઘુત્તમ દંડરુપી કે સુધારાત્મક સજા કરવી જોઇએ તેવું મારૂ માનવું છે અને સજાની જોગવાઇ તથા ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ આરોપીને હાલના ગુનામાં દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–હુકમ–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. કલમ–૨૨૩ મુજબના ગુનામાં દોષિત ઠેરવીને **<u>કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ</u>**ની સજા કરવામાં આવે છે અને આરોપી જો દંડ ન ભરે તો દિન–૫(પાંચ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૯મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૦૯–૦૬–૨૦૨૬
વાઘોડીયા.

**(કે. એમ. ચાવડા)**
એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાઘોડીયા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૪૬૪]

S.R.Tadvi